eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 125
January 11, 2008

## " નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે " સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યક્રમના પ્રથમ દિવસે ૫ વર્ષ સુધીના ૪,૦૨,૮૮૪ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી.



બાળલકવા નાબુદી અભિયાન નો આજના પ્રથમ દિવસે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ ૨૪૭૪ રસીકરણ બુથ તથા મોબાઈલ/ટ્રાન્ઝીટ ટીમ મારફતે પાંચ વર્ષ સુધીની ઉંમરના બાળકોને પોલીયોની રસી પીવડાવવાની કામગીરી આજ રોજ હાથ ધરવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા પોલીયો નાબુદી અંગે ઝુંબેશ

ભારત સરકારના આદેશ મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં તા.૦૬–૦૧–૨૦૦૮ થી તા.૦૯–૦૧–૨૦૦૮ દરમ્યાન નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે. કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમ્યાન ૦–૫ વર્ષ સુધીના બાળકોને આરોગ્ય કાર્યકરો પ્રથમ દિવસે નકકી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા,ત્રીજા અને ચોથા દિવસે ઘરે ઘરે ફરીને પોલીયોની રસી પિવડાવશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની ડીમોલીશનની કામગીરી



નોર્થઝોન (કતારગામ) શહેર વિકાસ વિભાગ/દબાણ સ્ટાફ ધ્વારા આજ તા.૦૪–૦૧–૨૦૦૮ના રોજ કરવામાં આવેલ ડિમોલિશનની કામગીરી નીચે મુજબ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની ડીમોલીશનની કામગીરી

નોર્થઝોન (કતારગામ) શહેર વિકાસ વિભાગ/દબાણ સ્ટાફ ધ્વારા આજ તા.૦૭–૦૧–૨૦૦૮ના રોજ કરવામાં આવેલ ડિમોલિશનની તથા રસ્તાના કબજા મેળવવાની કામગીરી નીચે મુજબ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## –: પ્રેસ નોટ :–

# " નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે "
# સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યક્રમના પ્રથમ દિવસે ૫ વર્ષ સુધીના ૪,૦૨,૮૮૪ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી.

બાળલકવા નાબુદી અભિયાન નો આજના પ્રથમ દિવસે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ ૨૪૭૪ રસીકરણ બુથ તથા મોબાઈલ/ટ્રાન્ઝીટ ટીમ મારફતે પાંચ વર્ષ સુધીની ઉંમરના બાળકોને પોલીયોની રસી પીવડાવવાની કામગીરી આજ રોજ હાથ ધરવામાં આવી હતી.




નોર્થ ઝોન આંગણવાડી નં.૧૩૫/૧૩૬,રેલ રાહત કોલોની,કતારગામ ખાતે માનનીય મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીના શુભ હસ્તે બાળકોને પોલીયોની રસી પીવડાવી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડે.મેયરશ્રી ડો.સુષ્માબેન અગ્રવાલ,ઋગણાલ ય સમિતિના અધ્યક્ષ શ્રી ડો.જગદીશ પટેલ,આરોગ્ય સમિતીના અધ્યક્ષશ્રી. ડો.વિનોદ પાટીલ,મ્યુ.કમિશનર કુ.એસ.અપર્ણા,મ્યુ.સદસ્યશ્રી સોમાભાઈ પટેલ,શ્રી.નીરંજનભાઈ ઝાંઝમેરા,શ્રી યશોધર દેસાઈ,શ્રી કાનજીભાઈ રબારી,મ્યુ.સદસ્યા શ્રીમતી.રંજનબેન સરતાનપરા,શ્રીમતિ ગીતાબેન પટેલ,શ્રીમતી.સ્મીતાબેન પટેલ,શ્રીમતી રેણુકાબેન શાહ અને ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલ,આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંત દેસાઈ,નોર્થ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી ખાટીવાલા,નાયબ આરોગ્ય અધિકારી ડો.શ્રોફ,ડો.વી.વી.પરમાર મેડિકલ ઓફિસર ડો.એકતા મખ્ખીજાની તથા અન્ય અધિકારી/કર્મચારી હાજર રહયા હતા.

મા.મેયરશ્રી.એ પ્રાસંગીક પ્રવચનમા કાર્યક્રમનું અમલીકરણ વ્યવસ્થિત રીતે પાર પાડી ૧૦૦ % લક્ષ્યાંક હાંસલ કરી આ રાષ્ટ્રિય કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા અનુરોધ કર્યો હતો.મ્યુ.કમિશનરશ્રી એ શુભેચ્છા વ્યકત કરી શહેરની સાથે શહેરમાં સમાવિષ્ઠ નવા વિસ્તારમાં પૂરતી તકેદારી રાખી ૫ વર્ષ સુધીનું એક પણ બાળક પોલીયોની રસીથી વંચિત ન રહી જાય તેવા ઘનિષ્ઠ પ્રયત્નો હાથ ધરવા સુચન કર્યુ હતું.

આ ઉપરાંત શહેરના અન્ય ઝોન તથા સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ઠ નવા વિસ્તારમાં બાળકોને પોલીયોની રસી પીવડાવવાની કામગીરી આજ રોજ હાથ ધરવામાં આવી હતી.

" નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે " નિમીત્તે યોજવામાં આવેલ સઘન બાળલકવા નાબુદી અભિયાનના આજનાં પ્રથમ દિવસે પાંચ વર્ષ સુધીના ૪,૦૨,૮૮૪ બાળકોને પોલીયો નાં ડોઝ પીવડાવવામાં આવ્યા હતા.

પાંચ વર્ષ સુધીનાં બાળકોની અંદાજીત સંખ્યા ૫,૮૦,૮૪૦ છે. આમ કુલ ૬૯.૩૬ % કામગીરી કરવામાં આવી હતી.

આ કામગીરી માટે ૨૮ શહેરી આરોગ્ય કેન્દ્રો ને ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર તરીકે નિયત કરવામાં આવ્યા હતા. જેમાં ૩૨ મેડીકલ ઓફીસરો,૪૯૩ સુપરવાઈઝરો ૨૪૭૪ પેરામેડીકલ વર્કરો તથા ૪૯૦૦ થી વધુ સહાયક કર્મચારીઓ ભાગ લીધો હતો.જેમાં સ્મીમેર,આયુર્વેદીક કોલેજના મેડિકલ સ્ટુડન્ટ,લોખાત,એકેડેમીક ફીઝીયો કોલેજના સ્ટુડન્ટ,સુરત જનરલ હોસ્પીટલ,મીશન હોસ્પિટલ,અશકતાશ્રમ,લોખાત હોસ્પીટલના નર્સીગ સ્ટુડન્ટ/ડી.એમ.એલ.ટી સ્ટુડન્ટ, શહેરનાં વિવિધ મેડીકલ એસો.તથા અન્ય સેવાભાવી સંસ્થાનાસહયોગીઓ એ ભાગ લઈ પોલિયો કાર્યક્રમમાં સહભાગી થયા હતા.સુરત/ઉધના રેલ્વે સ્ટેશન,એસ.ટી.ડેપો,સીટી બસ ડેપો, નેચર પાર્ક,શોપીંગ મોલ ખાતે બુથની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત મોબાઈલ ટીમ દ્વારા શહેરના પ્રવેશદ્વાર,રોજમદાર મજૂરોની કામચલાઉ વસાહતો, ઘર વિહોણા ફુટપાથવાસીઓ વગેરેને પણ આવરી લેવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રી.એસ.અપર્ણાના આદેશાનુસાર ડેપ્યુટી કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલ ના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો.હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

નોંધ :—નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે પોલીયોની રસીથી વંચિત રહી ગયા હોય તેવા બાળકોને તાઃ૦૭(સોમવાર),તાઃ૦૮(મંગળવાર) તથા તાઃ૦૯(બુધવાર)નાં રોજ મહાનગરપાલિકાનાં આરોગ્ય કાર્યકરો જયારે તમારા વિસ્તારમાં આવે ત્યારે પોલીયોનાં ડોઝ પીવડાવી બાળકને સંપૂર્ણ રક્ષિત કરશો અને બાળ લકવા નાબુદી ઝુંબેશમાં સહભાગી બનશો..

સાઉથઝોન(ઉધના)માં '' નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે '' અંગે યોજવામાં આવેલ વિશાળ રેલી

'' નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે '' કાર્યક્રમ અતર્ગત સાઉથઝોન(ઉધના)માં ઝોનના વડા ડે.મ્યુ. કમિશ્નરશ્રી (જન.)ની સૂચનાથી કાર્યપાલક ઈજેનરશ્રી સાઉથઝોન(ઉધના) ના માર્ગદર્શન હેઠળ બમરોલી વોર્ડના કાર્યક્ષેત્રમાં આવેલ મુકિતનગરથી સુખીનગર થઈ રામેશ્વરનગરથી પત્રકાર કોલોની ચાર રસ્તા થઈ બમરોલી દેવકીનંદન સ્કુલ સુધી એક જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવેલ. આ અભિયાનમાં સ્થાનિક કોર્પોરેટરશ્રી ભરતભાઈ પાટીલ તથા સાઉથઝોન (ઉધના)ના વડા ડે.મ્યુ.કમિશ્નરશ્રી(જન.) શ્રી મહેશભાઈ સિંઘ, કાર્યપાલક ઈજનેરશ્રી કે.એસ.દેસાઈ, આસી.આરોગ્ય અધિકારી શ્રી મહેન્દ્ર પટેલ તેમજ સેનીટશન અને વી.બી.ડી.સી. ખાતાનો સ્ટાફ હાજર રહી રેલીને સફળ બનાવી હતી. આ રેલીમાં દેવીનંદન સ્કુલના શિક્ષકો તેમજ ૪૦૦ વિધાર્થીઓએ ભાગ લીધો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા પોલીયો નાબુદી અંગે ઝુંબેશ

ભારત સરકારના આદેશ મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં તા.૦૬–૦૧–૨૦૦૮ થી તા.૦૯–૦૧–૨૦૦૮ દરમ્યાન નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે. કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમ્યાન ૦–૫ વર્ષ સુધીના બાળકોને આરોગ્ય કાર્યકરો પ્રથમ દિવસે નકકી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા,ત્રીજા અને ચોથા દિવસે ઘરે ઘરે ફરીને પોલીયોની રસી પિવડાવશે. કાર્યક્રમના સુવ્યવસ્થિત અમલ માટે તા.૦૩–૦૧–૨૦૦૮ના રોજ સાંજે ૪:૦૦ સુરત મહાનગરપાલિકાના સ્થાયી સમિતિ ખંડ ખાતે આરોગ્ય સમિતિના અધ્યક્ષ ર્ડા. વિનોદભાઈ પાટીલના અધ્યક્ષ સ્થાને સ્ટીયરીંગ કમિટિની મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં હોસ્પિટલ સમિતિના અધ્યક્ષ ર્ડા. જગદીશ પટેલ, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ર્ડા.આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારીશ્રી ર્ડા.હેમંત દેસાઈ, સર્વેલન્સ મેડીકલ ઓફીસર ર્ડા.અનીશ સિંહા, એસો.પ્રોફેસર(સ્મીમેર),તમામ ઝોનના નાયબ/આસી.આરોગ્ય અધિકારી તથા રાજય સરકારશ્રીના ડે.ડાયરેકટર (એપેડેમીક) ર્ડા.એસ.જે.ગાંધી તથા ર્ડા.ગીરીશ.એમ.ઠાકર હાજર રહયા હતા.

પ્રારંભે આરોગ્ય અધિકારીશ્રી ર્ડા.હેમંત દેસાઈએ તેમના આવકાર પ્રવચનમાં કાર્યક્રમ અંગે પ્રાથમિક માહિતી આપી હતી. તથા આમંત્રીતોનું સ્વાગત કર્યુ હતું. આ કાર્યક્રમ માટે ૨૪૭૪ ઈમ્યુનાઈઝેશન ટીમોનું આયોજન કરવામાં આવ્યું છે. બુથ ડે નાં દિવસે વધુ કવરેજ થાય તે માટે જે તે વિસ્તારનાં મ્યુ.સદસ્યશ્રીઓ/કાર્યકરોને પોતાના વિસ્તારમાં સહભાગી થઈ કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપે તેઓ અનુરો ધકર્યો હતો. સુરત મહાનગરપાલિકા ધ્વારા જરૂરી તમામ આયોજન કરવામાં આવેલ છે. કાર્યક્રમનો પ્રચાર/ પ્રસાર વધુ થાય તે માટે વર્તમાનપત્રોમાં જાહેરાત, બીલ બોર્ડ, બેનર, પ્રચાર પત્રિકા, કઠપુતળીના કાર્યક્રમો, આકાશવાણી પર જાહેરાત, સિનેમા/સ્થાનિક ચેનલો મારફતે પ્રચાર,સુરત રેલ્વે સ્ટશન ખાતે કાર્યક્રમના દિવસોએ દિવસ તથા રાત્રી દરમ્યાન તથા બસડેપો, સીટીબસ બસ સ્ટેશન ઉપર દિવસ દરમ્યાન રસીકરણ બુથની વ્યવસ્થા કરવામાં આવી છે. શોપીંગ સેન્ટર, બગીચાઓ, ફુટપાથ, ટેમ્પરરી વસાહતો, માર્કેટ વિગેરે સ્થળો મોબાઈલથી ટીમ મારફતે કામગીરી કરવામાં આવે છે. કાર્યક્રમનાં પ્રચાર–પ્રસાર થાય તે માટે પ્રચાર વાહનો, રીક્ષા, ડોર ટુ ડોર ગાર્બેજના વાહનો તથા મહાનગરપાલિકાના સફાઈ કામદારો પોતાના વિસ્તારમાં પોલીયોની રસી પીવડાવવા બાબતે પ્રચાર કરશો.

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ર્ડા.આઈ.સી.પટેલ એ એફ.એમ.રેડીયોની તમામ ચેનલો પણ શનિવાર તથા રવિવારના રોજ પોલીયોની રસી પીવડાવવા બાબતની જાહેરાત દર બે કલાકે કરવા બાબતે તથા સીટ બસ સ્ટેન્ડ પર બુથની વ્યવસ્થા તથા એનાઉન્સમેન્ટ આવશે. શહેરના મુખ્ય ચાર રસ્તાઓ પર હોર્ડિંગ્સ ધ્વારા પ્રચારની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ કાર્યક્રમના સુપરવાઈઝરોને સુપરવીઝનની કામગીરી ધનિષ્ઠા બનાવવા માટે જણાવ્યું હતું.

આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી, ઋગ્ણાલય સમિતિના અધ્યક્ષશ્રીએ પ્રસંગને અનુરૂપ સુચનો કર્યાં હતા. સુરત મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી કાર્યક્રમમાં ભાગ લેનાર તમામને અભિનંદન આપ્યા હતા તથા મળેલ સુચનોનું અમલીકરણ કરવા અનુરોધ કર્યો હતો. તેમજ સ્લમ વિસ્તારમાં અગ્રિમતાને ધોરણે કામગીરી કરવા શહેરની સેવાભાવી સંસ્થાઓને કાર્યક્રમમાં સામેલ કરવા સુચન કર્યુ હતું. તથા કાર્યક્રમ સાથે સંકળાયેલ તમામને સહભાગી થઈ " પોલીયો મુકત " ભારતના સ્વપ્નને સાકાર કરવા જણાવ્યું હતું.

રાજય સરકારશ્રીના ડે.ડાયરેકટર(એપેડેમીક) ર્ડા.એસ.જે.ગાંધીએ જણાવ્યું હતું કે, સ્લમ વિસ્તાર મલ્ટીસ્ટોર બિલ્ડીંગ તથા બોર્ડર વિસ્તારને અગ્રિમતા આપવા તથા તમામ પ્રાયવેટ પ્રેકટીશનરો નો સહકાર મેળવવા જણાવેલ હતું.

વિશ્વ આરોગ્ય સંસ્થાના સવેલન્સ મેડીકલ ઓફીસર શ્રી ર્ડા.અનીશ સિંહાએ સુરત મહાનગરપાલિકાની પોલીયોની તથા એ.એફ.પી. સર્વેલન્સની કામગીરીને બિરદાવી હતી અને આજ પ્રમાણે કામગીરી કરવામાં આવે તો સારી સફળતા પ્રાપ્ત કરી શકાશે એમ જણાવેલ હતું.

આરોગ્ય અધિકારીશ્રી ર્ડા.હેમંત દેસાઈએ આભારવિધિ કરી હતી.

TOP

# નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી

નોર્થઝોન (કતારગામ) શહેર વિકાસ વિભાગ/દબાણ સ્ટાફ ધ્વારા આજ તા.૦૪–૦૧–૨૦૦૮ના રોજ કરવામાં આવેલ ડિમોલિશનની કામગીરી નીચે મુજબ છે.



ટી.પી.સ્કીમ નં.૧૯ (કતારગામ) ટી.પી.સ્કીમ નં.–૪૯(કતારગામ)માં સમાવેશ થતો રાશી ચક્રથી લલિતા ચોકડી થઈ બાપાસીતારામ ચોક ચિત્રકૂત સોસાયટી સુધીનાં ટી.પી.નાં ૩૦ મીટર પહોળાઈના ટી.પી.રસ્તા પર આશરે ૮૧ દુકાનોની સામે લોખંડનાં એન્ગલ, લોખંડનાં પતરા, સિમેન્ટનાં પતરા સહિત તથા ઓટલા તથા રૂમો વડે રસ્તો કવર્ડ કરી કરેલ બિનઅધિકૃત બાંધકામ દુર કરી આશરે ૪૯૦૦ ચો.ફુટ વિસ્તારનો રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

TOP

# નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી

નોર્થઝોન (કતારગામ) શહેર વિકાસ વિભાગ/દબાણ સ્ટાફ ધ્વારા આજ તા.૦૭–૦૧–૨૦૦૮ના રોજ કરવામાં આવેલ ડિમોલિશનની તથા રસ્તાના કબજા મેળવવાની કામગીરી નીચે મુજબ છે.

ટી.પી.સ્કીમ નં.૪૯ (કતારગામ) માં ચીત્રકૃત સોસા. થી ડભોલી સર્કલ સુધી, ૧૦૦ ફુટના ટી.પી.રસ્તા તથા ટી.પી.સ્કીમ નં.૩૫, (કતારગામ), માં ડભોલી સર્કલથી ડભોલી ગામ તરફ જતાં ૮૦ ફુટના ટી.પી.રસ્તાની લાઈનલોરી/ માર્જીનવાળા ભાગમાં દબાણ કરી બનાવવામાં આવેલ. ઓટલાના બાંધકામ/ પતરાના શેડ, ચણતરની દિવાલ વિગેરે દુર કરી અંદાજે ૧૫૦૦૦ ચો.ફુટ માર્જીન/રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

TOP